" જય શ્રી કૃષ્ણ "

" જય શ્રી કૃષ્ણ " ભારતીય જન માનસનું અમૂલ્ય જીવન સૂત્ર છે. અતિ અસાધારણ અને અતિ અસામાન્ય આધ્યાત્મિક અલૌકિક અને અદભુત ઉર્જોત્સ સ્પર્શીય સાંસ્કૃતિક અને સંસ્કારિક વિશુદ્ધ, પવિત્ર, વિશ્વાસપૂર્વકનું સર્વોચ્ચ સમ્માનિય ગૌરવવંતુ ઉદબોધન છે. જેમ રાષ્ટ્રનાં ઉત્તમ નાગરિકને સમ્માનિત થતું આન બાન અને શાનનું ગર્વિષ્ઠ પદ

"ભારત રત્ન" " **""રાષ્ટ્રીય નાગરિક - ભારતીય પ્રજાસત્તાકનો સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર"**

આજ ગૌરવ " જય શ્રી કૃષ્ણ " સ્મરણથી, દ્રષ્ટિપાતથી, કહેવાથી, ઝીલવાથી, બોલવાથી, લખવાથી અને વિચારવાથી અવશ્ય અનુભવાય છે. **"શ્રીમદ્દ ભાગવત", "શ્રીમદ્દ ભગવદ ગીતા"** ભારતીય સાક્ષરતા અને સંસ્કૃતિની ધરોહર છે. ભારતનાં એક એક નાગરિક આ સંસ્કાર મૂલત્વથીજ પામે છે અને તે જીવન પર્યાંત નિભાવે છે. દ્રષ્ટિ, કાયા, મન, વચન, ધન અને સમર્પણથી તે નિભાવે છે.

ભારતીય દર્શનનાં સર્વે ભૂત, ભવિષ્ય, વર્તમાન અને રજે રજ, કણે કણ, બુંદે બુંદ, તરંગે તરંગ, રંગે રંગ, લહરે લહર, સ્પંદને સ્પંદન, કિરણે કિરણ, વર્ણે વર્ણ, ક્રિયાએ ક્રિયા, કર્મે કર્મ, દ્રષ્ટિએ દ્રષ્ટિ, વૃતિએ વૃત્તિ, કૃતિએ કૃતિ, શ્વાસે શ્વાસ, અંશે અંશ અને પુષ્ટિએ પુષ્ટિ – " જય શ્રી કૃષ્ણ " બ્રહ્માંડનું સત્ય, સાતત્ય, આગ્નેય, પૂર્ણતા, પરિવર્તનતા, પારાયણતા, એકાત્મતા, વૈવિધ્યતા, વિશિષ્ઠતા, પરાકાષ્ઠાનો પાર્દુભાવ " જય શ્રી કૃષ્ણ " થી જ સ્ફૂર્યો. સંવાદ, સંવેદના, કૃતજ્ઞતા, સાર્વભૌમત્વતા, કરુણા અને પ્રેમનું પ્રતિક " જય શ્રી કૃષ્ણ " છે. " જય શ્રી કૃષ્ણ " માં સમાયો અર્થ, ભાવાર્થ, સત્યાર્થ, સમર્થ, યથાર્થ, વૃતાર્થ, કૃતાર્થ, પુરુષાર્થ અને શરણાર્થ.

વ્યાકરણ, પ્રમેય, ગણિત, સિદ્ધાંત, બળ, ગુણધર્મ, પ્રમાણ, ફળ, સાત્વિક, રાજસ, તામસ, આકાર, સાકાર, નિરાકાર, સિદ્ધિ, વૃદ્ધિ, જન્મ, મૃત્યુ પરિણામ લીલા " જય શ્રી કૃષ્ણ " થી જ ઉત્સ પામે છે, વિસ્તરે છે, પરિવર્તે છે, સ્થિરે છે.

જીવ જીવનની સર્વે કક્ષા નક્કી કરે છે " જય શ્રી કૃષ્ણ ", કારણકે તે સર્વજ્ઞ છે, સંપૂર્ણ છે, સર્વત્ર છે. " જય શ્રી કૃષ્ણ " સાર્થક છે, પૂરક છે, સંવર્ધક છે, સંવર્ધન છે, ઉત્થાન છે. " જય શ્રી કૃષ્ણ " સંબંધ છે, બંધન છે, નીતિ છે, મતિ છે, ગતિ છે, રીતિ છે, વિધિ છે, નિધિ છે અને ગુણાતીત છે.

પ્રથમ " જય શ્રી કૃષ્ણ " માતપિતાએ કહ્યું , સુણ્યું અને સ્વીકાર્યું. જેમ જેમ સમય વહ્યો તેમ તેમ " જય શ્રી કૃષ્ણ " જાણ્યો. સ્વ જોડે જોડયું અને સ્વમાં ઉતાર્યું, અપનાવ્યું અને વિસ્તાર્યું.

" જય શ્રી કૃષ્ણ " ની ઉસ્મા, ઉર્જા, તેજ સર્વથા મધુર જ ઉજાળે, પ્રેમ વિહવળે, તાપ તપાવે, પરમાત્માને તળવળાએ, થરથરાએ, તડપાવે, તરસાવે અને દૌડાવે. આખરે મિલાવે.

Vibrant Pushti

આત્મીય અને પ્રાથમિકતાથી પ્રથમ વંદન – " જય શ્રી કૃષ્ણ "

જીવ, પ્રાણ, આત્મા અને પરમાત્માથી દ્વિતીય વંદન – " જય શ્રી કૃષ્ણ "

તનમાત્રાઓ અને તનમનસ્કાથી તૃતીય વંદન – " જય શ્રી કૃષ્ણ "

દેહ, સૂક્ષ્મ અને કારણ દેહથી - ચતુર્થ વંદન – " જય શ્રી કૃષ્ણ "

આધ્યાત્મિક અને સંસ્કારતાથી - પંચમ વંદન – " જય શ્રી કૃષ્ણ "

વર્ણ, પ્રકર્ણ અને સકર્ણથી વંદન - ષષ્ઠ વંદન – " જય શ્રી કૃષ્ણ "

ધર્મ, ધારણા, ધર્મયજ્ઞ, અને ધર્મપ્રયોગોથી - સપ્તમ વંદન – " જય શ્રી કૃષ્ણ "

તારાં, ગ્રહો, નક્ષત્રો, દિશા, નિહારિકા, આકાશગંગાથી - અષ્ટમ વંદન – " જય શ્રી કૃષ્ણ "

ભૂત, ભવિષ્ય અને વર્તમાન કાળથી – નવમ વંદન – " જય શ્રી કૃષ્ણ "

જીવિત, પૂર્વજો, પ્રેત અને પિતૃઓથી – દશમ વંદન – " જય શ્રી કૃષ્ણ "

સૃષ્ટિ, પ્રકૃતિ અને વૃષ્ટિથી – એકથદશમ વંદન – " જય શ્રી કૃષ્ણ "

શિક્ષા, વિદ્યા, કર્મકાંડ, અને યજ્ઞથી – દ્વાદશ વંદન – " જય શ્રી કૃષ્ણ "

સંસાર, જીવન, વ્યવહાર, અને વ્યવસ્થાથી – તૃતીયદશીય વંદન – " જય શ્રી કૃષ્ણ "

ઋણાત્મક બંધનોથી – ચતુર્થદશીય વંદન – " જય શ્રી કૃષ્ણ "

મોક્ષ, મુક્તિ અને ગૌલોકધામથી – પંચદશીય વંદન – " જય શ્રી કૃષ્ણ "

"જય જગન્નાથ – જય શ્રી કૃષ્ણ"

Vibrant Pushti

" જય શ્રી કૃષ્ણ " પુષ્ટિ વૈષ્ણવ – સર્વજ્ઞ આચાર્ય "

વડોદરા શહેર શ્રી સયાજીરાવ ગાયકવાડ પ્રસ્થાપિત શહેર - જ્યાં આધુનિક જીવનની સર્વે વ્યવસ્થા નીતિનિયમો, યોગ્ય શિક્ષણ, દૂરંદેશી સીમાચિન્હ, વૈજ્ઞાનિક સૈદ્ધાંતિક ઢબ, સામાજીક સરળતા, સંસ્કાર સૂચક શિસ્ત, વિનય અને વિવેકથી જ રચાયેલ વ્યવસ્થિત શહેર.

શહેરની મધ્યમાં મનોહર, રમણીય પ્રકૃતિ, સંસ્કૃતિ, વૃત્તિ અને કૃતિ નો અનોખો અદભુત સંગમથી શોભતું મહેકતું સૂરસાગર તળાવ. એક નિશ્ચયી એકાંતથી આ સ્થળથી નિરખતા રહો - નિરખતા રહો, વાગોળતાં રહો - વાગોળતાં રહો શહેરની રચના! ચોક્કસ એક સુવાસ વહે છે – ઉત્કૃષ્ટ પુષ્ટિ મનુષ્ય જીવનની! એક પુરુષાર્થ પ્રકટે છે મનુષ્યનાં કાર્ય સાર્થકતાની! એક દ્રષ્ટિ બીજ પાંગરે છે કઇંક અદભુત કરવાનું! એક સંકલ્પ જાગે છે મનુષ્યતાનાં સૂર્યનો! એક સુગંધિત ફૂલ ઉગે છે મનુષ્યનાં અધ્યયનનો! એક કળા કંડારાય છે મનુષ્યની શિલ્પતાનો! અનેક રંગો રેલાય છે મનુષ્યની આંતરિક ઊર્મિઓ – ઉષ્માઓનો! એક આધ્યાત્મ પ્રકટે છે મનુષ્યની સેવાનો.

અવિસ્મરણીય, અલૌકિક, સુનૈતિક, સુશોભિત, સુઆયોજિત, સુકર્મિત, સુદ્રઢિત, સુસજ્જિત, સુનયનીક.

એક ઢળતે સૂર્યે અને કિલ્લોલ ભરેલી સાંજે આધ્યાત્મિક આત્મીય ઊર્જિત પુષ્ટિધર્મ ઉપાસિક મંડળી આ રજવાડાનાં દ્વારે પધારી. સર્વેને મુખે " જય શ્રી કૃષ્ણ " " જય શ્રી કૃષ્ણ " નું રટણ અને મુખ પર અતિ તેજોમય સત્ય કર્મયોગી આભા, ભક્તિ ધૂન ગૂંજતી નગરચોકમાં બિરાજી. કર્ણપટલ પર ગૂંજતો સ્વર એક એક સ્થાનિકને આકર્ષતો

" જય શ્રી કૃષ્ણ " " જય શ્રી કૃષ્ણ " " જય શ્રી કૃષ્ણ " " જય શ્રી કૃષ્ણ " " જય શ્રી કૃષ્ણ "

ગાતો ગાતો મંડળીમાં શામિલ થતો બિરાજતો. આખું શહેર " જય શ્રી કૃષ્ણ " નાં રંગમાં રંગાતું એક મહેરામણ ઊભું કરી દીધું, શહેરનાં મુખ્ય સલાહકાર કલ્યાણભાઈ પણ આ રંગ ઉમંગમાં રંગાયા " જય શ્રી કૃષ્ણ " " જય શ્રી કૃષ્ણ " કરતા કરતા આત્મવિભોર થઈ " જય શ્રી કૃષ્ણ " માં એકરૂપ થઈ ગયા.

સમય તેની એવી ગતિ એ પહોંચ્યો કે કલ્યાણભાઈને સ્મરણ આવ્યું કે આ ભક્તિ મંડળીને કયા સ્થાને રહેવાની વ્યવસ્થા કરીશું? થોડું વિચારતા એક સ્થલી યાદ આવી ગઈ અને સાથે સાથે એક પ્રયોગીતા પણ દ્રષ્ટિગોચર થઈ. સેવકોને તે સ્થલીએ મંડળીની વ્યવસ્થા માટે ગોઠવી દીધા, અડધી રાત્રે આધ્યાત્મિક આચાર્યજી અને શિષ્યો આનંદ ઉત્સાહથી નક્કી કરેલ સ્થલી પર પહોંચ્યા.

Vibrant Pushti

આચાર્યજીએ જેવો સ્થલી પર " **જય શ્રી કૃષ્ણ** " નો પ્રચંડ ઉચ્ચાર સાથે ડગ મૂક્યો અને હાહાકાર થઈ ગયો. વર્ષોથી રહેતી ભૂતાવળો ધણધણવા માંડી. શિષ્યો સમજી ગયા અહીં કોઈ ચમત્કાર થવાનો છે, એટલે સર્વેએ " **જય શ્રી કૃષ્ણ** " " **જય શ્રી કૃષ્ણ** " ની ગૂંજ લગાવી દીધી. આચાર્યજી એક આસન પર બેસી તપશ્ચર્યા મુદ્રામાં મંત્રો ઉચ્ચારણ કરવા લાગ્યા. થોડા જ સમયમાં સર્વે ભૂતાવળ આચાર્યજીનાં ચરણોમાં આવીને બેસી ગઈ, ન કોઈ ઉપદ્રવ ન કોઈ ચિચ્યારી. ભૂતાવળ ડરની મારી નજર એક કરી આચાર્યજીનાં મુખારવિંદ પર ચોંટાડી દીધી. મંત્ર સાધના પૂર્ણ થયા બાદ જેવી આચાર્યજીની દ્રષ્ટિ ખૂલી ભૂતાવળ સળવળાટ કરવા લાગી, વિનંતી સહ આજીજી કરવા લાગી – અમને નષ્ટ નાં કરો, અમે તમારી આજ્ઞાનું પાલન કરીશું. આચાર્યજીએ તેઓને આજ્ઞા કરી - આ સ્થાન આ જ ક્ષણે છોડી, દૂર કોઈ એવા સ્થળે જાઓ કે જ્યાં તમે કોઈને હેરાન નહીં કરો. સમય અંતરે આપની સહુની સદગતિ અવશ્ય થશે. ભૂતાવળે કહ્યું - આપ દર્શાવો તે સ્થળે અમે રહીશું. આચાર્યજી શહેરની બાહર એક એવા સ્થળને દર્શાવ્યુ જ્યાં શહેરનો કોઈ નાગરિક કે જીવ હેરાન ના થાય અને તેઓ તમને હેરાન ના કરે ત્યાં તમે સહુ રહો.
જેવી આજ્ઞા. મહારાજશ્રી એક વિનંતી છે – આપ અમારા સહુનો આ યોનીમાંથી ઉદ્ધાર કરો.

આચાર્યજી – ચોક્કસ! હું અહીં થોડો સમય રોકાવાનો છું, જો આ સમયમાં તમે સહું ભાવ ભક્તિમાં જોડાશો તો અવશ્ય આપનો ઉદ્ધાર કરીશ.

ભૂતાવળ – અવશ્ય! જેવી આપની આજ્ઞા

બીજી જ ક્ષણે ભૂતાવળ તે સ્થળ છોડી નક્કી કરેલ સ્થળે પહોંચી જાય છે.



Vikrant Pushti

રાત્રે કલ્યાણભાઈને ખબર મળે છે કે આવું બન્યું, તેઓ દોડતા દોડતા આચાર્યજી સમક્ષ આવી માફી માંગવા માંડયા.

આચાર્યજી કહે છે – સત્ય વાત કહું, જ્યારે તમારા મનમાં અમારા રહેણાક માટે આ સ્થલી નો વિચાર આવતો હતો તેની મને ખબર છે, તમે જાણી જોઈને, ખૂબ સમજથી આ સ્થળ આપેલું છે.

કલ્યાણભાઈ કરગરવા માંડયા, મને માફ કરો – મને માફ કરો આચાર્યજી!

આચાર્યજી – ભાઈ! અમે પુષ્ટિમાર્ગનાં અનુયાયીઓ! નહીં કોઈ સંશય, નહીં કોઈ દ્વેષ કે ધૂર્તતા. અમે સદા શ્રીકૃષ્ણનાં દાસ – **" જય શ્રી કૃષ્ણ "** રટણ અમારું, સદા રહીએ **શ્રીકૃષ્ણ શરણં ચરણ:**.

આ સમાચાર આખા વડોદરા શહેરમાં ફેલાઈ ગયા, સહું કોઈ આચાર્યજીનાં દર્શન અને ચરણ સ્પર્શ માટે દોડયા. આચાર્યજીએ સહુને **" જય શ્રી કૃષ્ણ "** નો ઉપદેશ આપ્યો, સદા **" જય શ્રી કૃષ્ણ "** નું રટણ કરે તેનું જીવન સુધરેનો આશીર્વાદ આપી સહુને વિદાય કર્યા.

જે સ્થળ પર રહ્યા તે સ્થળ સમૃદ્ધ અને પુષ્ટિમય વાતાવરણથી જાગૃત કર્યું, આચાર્યજીએ સ્થળ પર શ્રીગોવર્ધનનાથજી સ્વરૂપને બિરાજમાન કરી – **શ્રીગોવર્ધનનાથજીની જય!** નો જય જયઘોષ, જયકારો કર્યો. સહું કોઈ નિત્ય નિયમથી આઠે યામ દર્શન આરતી ભોગ સેવા ઉત્સવ કરી પુષ્ટિમય સૃષ્ટિ રચી દીધી. શહેરનાં તમામ રહેવાસીઓ **" જય શ્રી કૃષ્ણ " " જય શ્રી કૃષ્ણ "** કહેતા કહેતા જીવન વ્યવહાર જીવવા લાગ્યા.



" આનંદ ઉમંગ ભયો જય ગોવર્ધનનાથજી
ન દોષ રહ્યો ન કષ્ટ રહ્યો મન રહ્યો શ્રીનાથજી "

Vibrant Pushti

હે વૈષ્ણવ!

તેરે ભાગ્ય કી કહીં નહીં જાયે

તેરે ભાગ્ય કી કહીં નહીં જાયે

જો શરણ તેને લીયો હૈ

વો શરણ શ્રીવલ્લભ ચરણ કો

જો ચરણ પુષ્ટિપથ હી માર્ગે ..... તેરે ભાગ્ય કી કહીં નહીં જાયે

એક શરણ હૈ પુષ્ટિમાર્ગ હી

જો જીવ શ્રીઅષ્ટસખા જગાયે

વો જીવ શ્રીગિરિરાજજી દર્શાયે

વો જીવ શ્રીયમુનાજી ઉદ્ધારે..... તેરે ભાગ્ય કી કહીં નહીં જાયે

જો દાસ શ્રીશ્રીનાથજી સંવારે

વો દાસ કો વ્રજ મેં બસાયે

પુષ્ટિપ્રીત યમુના પાન કરાયે

વો ગોપીજન વૈષ્ણવ કહવાયે..... તેરે ભાગ્ય કી કહીં નહીં જાયે

હે વૈષ્ણવ! તેરે ભાગ્ય કી કહીં નહીં જાયે

" જય શ્રી કૃષ્ણ "

કલ્યાણભાઈ ડઘાઈ ગયા, તેમને મનનું નહીં ચૈન પડે કે કાયાનું નહીં પડે ચૈન, બસ અવળા સવળા, બાવારા આવારા બની આમ તેમ ભટક્યા કરે, અટવાયા કરે, રઘવાયા રઘવાયા ભટક્યા કરે. શહેરનાં બીજા મુખ્ય અનુયાયીઓ તેમને જે સ્થળે આચાર્યજી બિરાજતા હતા ત્યાં લઈ ગયા, દંડવત કરી " **જય શ્રી કૃષ્ણ** " કહી બેઠા. કલ્યાણભાઈની અતિ દયનીય પરિસ્થિતિ જોઈ આચાર્યજી બોલ્યા – ભાઈઓ! " **જય શ્રી કૃષ્ણ** " કલ્યાણભાઈની પરિસ્થિતિનાં જવાબદાર કલ્યાણભાઈ પોતે જ છે, તેમને શહેરનાં સલાહકાર હોદ્દાનો દુરુપયોગ કર્યો છે, ભલે શહેરની વ્યવસ્થામાં આ કષ્ટ ભરેલી, ડરથી વ્યાકુળ સ્થળીને દુષ્ટ ઇરાદે અમારી સાથે પ્રાયોગિક કરવું **જઘન્ય અપરાધીક દોષ** આચર્યો છે. **આ દોષ દૂર કે નષ્ટ કરવા માટે સામર્થ્યવાન કેવળ શ્રીવલ્લભાચાર્યજી જ છે.**

Vibrant Pushti

ભક્ત જોડે ખીલવાડ કરવો, જ્ઞાની જોડે અપકૃત્ય કરવું તે શ્રીપરબ્રહ્મ પ્રભુનો દોષિત છે, કેવળ શ્રીપ્રભુ જ આ દોષને દૂર કરે, નષ્ટ કરે કે નિર્મૂળ કરે કે નિવારણ કરે છે. આ સામર્થ્ય કેવળ, કેવળ અને કેવળ શ્રીશ્રીનાથજીબાવા એટલે શ્રીગોવર્ધનનાથજી પાસે જ છે. એટલે આ બિરાજમાન શ્રીગોવર્ધનનાથજીને જ આપણે સહુ ભેગા મળીને વિનંતી કરીએ. સહુની સમ્મતિ અને વિનંતી શ્રીગોવર્ધનધરણ સમક્ષ ધરી પણ શ્રીગોવર્ધનધરણજીએ સ્વીકાર્ય કર્યો નહીં. શ્રીગોવર્ધનધરણે એક સંકેત પાઠવ્યો - આ દોષ દૂર વૈષ્ણવ ભક્ત જ કરી શકે છે. સહુ નિરાશ વદને પાછા ફર્યા. આ બાજુ કલ્યાણભાઈની તબિયત વધુ ને વધુ બગડતી રહી, શહેરનાં અનેક શાસ્ત્રીઓ, યજ્ઞાર્થીઓ, કથાકારો, ચિકિત્સકો અને વૈદ્યો આદિએ અનેક ઉપાયો કર્યા પણ ના ફેર પડયો.

એક દિવસ આચાર્યજી જે સ્થળે ભૂતાવળને જ્યાં પહોંચાડેલી તે સ્થળ પર કદમ ભરતા ભરતા ધપતા હતા ત્યાં રસ્તા પર એક અકિંચન વ્યક્તિ પડેલો જોયો, તેમને તરત તે વ્યક્તિ પાસે જઈ તેને ઢંઢોળ્યો પણ તે અચેતન અવસ્થામાં પડેલો, તેનું શરીર લોહી ચુસાયેલું બિલકુલ નિર્જીવ હાલતમાં પડેલું, આચાર્યજીને વિચાર આવ્યો માનો યા ના માનો આ ભૂતાવળનું જ કાર્ય લાગે છે, એટલે તેઓ તે જ સ્થળે સ્થાન ગ્રહણ કરી શ્રીપ્રભુ સ્મરણ કરવા લાગ્યા, થોડી જ ક્ષણોમાં ભૂતાવળ ત્યાં આવી પહોંચી અને કહ્યું – મહારાજશ્રી! શું આજ્ઞા છે? અમને કેમ યાદ કર્યા!

આચાર્યજી – આ વ્યક્તિ આ રસ્તે અને આ હાલતે, કોને કરી આ હાલત? કોણ છે આ વ્યક્તિ?

ભૂતાવળ જોઈને જ બોલી – ઓહહ! આ મુખ્યાજી છે, તેઓ અનેક દર્શનાર્થીઓ અને મનોરથીને સામગ્રીમાં ભેળશેળ કરીને સહુને પ્રસાદી આપતો હતો, હવેલીમાં આવતી ભેંટોને તે પોતાના સ્વ ઉપયોગમાં લેતો હતો, કોઈ સેવા, સત્સંગ કે ધાર્મિક કથા, પ્રવચનો કે સત્સંગમાં કેવળ તેનું જ અર્થોપાર્જન કરી દરેક દર્શનાર્થીઓ ને છેતરતો હતો, એટલે જ અમે તે હવેલીમાં રહેતા હતા, અને અમારો કાળ વિતાવતા હતા, અમને એ હવેલીનાં શ્રીપ્રભુ પણ સાથ આપતા હતા, કારણકે જે કોઈ સામાજીક ધૂર્તતા, દુષ્ટતા અને ગોરખધંધા કરતા જ વ્યક્તિઓ અહીં દર્શન કરવા આવતા હતા, એટલે તેઓને સજા અમારા તરફથી મળી જતી હતી, પણ આપ આવ્યા એટલે અમે આપની આજ્ઞા અનુસાર રહીએ છીએ, આ મુખ્યાજી તેની આ તમામ હરકતોથી બાધ નહતો આવતો એટલે અમે તેની આ હાલત કરી છે.

Vibrant Pushti

આચાર્યજી તુરંત બોલ્યા આ સજા તમે આપી અને યોગ્યતાનું પ્રમાણ તમે આપ્યું છે, સાચે જ તમે સર્વેએ **પુષ્ટિમાર્ગીય સૈદ્ધાંતિક કાર્ય કર્યું છે**. મુખ્યાજીને તેનાં કર્મોની સજા અચૂક મળશે જ.

પુષ્ટિમાર્ગનો સિદ્ધાંત છે – સેવામાં, સામગ્રીમાં, દાનમાં કે મનોરથોમાં પધરાવેલ સર્વે વસ્તુઓ શ્રી ઠાકોરજીનું જ છે – દ્રવ્ય, અન્ન, ધન, વસ્તુઓ અને સામગ્રી, તેનો સર્વથા ઉપયોગ કેવળ શ્રીઠાકોરજી આનંદાર્થે જ કરવાનો છે, આ આનંદ સર્વેને પ્રસાદ રૂપે વગર ન્યોછાવરે આપવાનો છે. આ પ્રવૃતિઓ અને કૃતિઓને સેવા કહેવાય છે, તેને વ્યવહાર કે વ્યાપારથી તોળાતો નથી. જે વ્યક્તિ આ સેવાઓને વ્યાપારમાં પરિવર્તન કરે તેની હાલત આ ભૂતાવળે કરી તેવી જ થાય.

આચાર્યજીએ તુરંત જળ મંત્ર ધરી આહુત કરી આ ભૂતાવળોને યોનીમાંથી મુક્ત કર્યા.



આચાર્યજીએ મુખ્યાજીની સારવાર અર્થે વ્યવસ્થા કરાવી પોતાના રહેણાક સ્થળે પરત પધાર્યા. સ્નાન કરી સંધ્યા ઉપાસના કરવા બેઠા. અનોખું તેજ, પ્રેમાળ મુખારવિંદથી આચાર્યજી સહુનું યોગ્યતા પૂર્વક કલ્યાણ કરતાં હતા. આવનાર વ્યક્તિઓ સાથે " **જય શ્રી કૃષ્ણ** " કહી સત્સંગ કરે, કોઈની જીવન સંગત સંસાર અંગત કોઈ મૂઝવણ હોય તો તે દૂર કરવા યથા યોગ્ય માર્ગદર્શન આપે અને " **જય શ્રી કૃષ્ણ** " કહી આનંદ પ્રદાન કરે. ત્યાં જ એક વ્યક્તિ દોડતો દોડતો આચાર્યજી પાસે આવ્યો, " **જય શ્રી કૃષ્ણ** " કહી દંડવત કરી બે હાથ જોડી વિનંતી કરી –

આપ અમારી ઘરે પધારો! અમને હમણાં જ એક સંકેત થયો છે કે આપની પધરામણી અમારે ગૃહે કરાવીએ.

આચાર્યજી તુરંત હંસતા વદને તે વ્યક્તિ સાથે તેમની ઘરે પહોંચ્યા. ઉત્તમ સ્વાગત વ્યવસ્થા નિહાળી આચાર્યજીનાં મનમાં એક સ્મરણ જાગ્યું. જે રીતે વ્યવસ્થા હતી તે વ્યવસ્થામાં સર્વે પ્રાકૃતિક સામગ્રીનો ઉપયોગ કર્યો હતો અને વિશુદ્ધતા અને પવિત્રતાનો સર્વશ્રેષ્ઠ ખ્યાલ રાખેલો હતો. આચાર્યજીની પધરામણીથી આખું કુટુંબ ભાવ વિભોર થઈ ગયું, કુટુંબનાં મુખ્ય વડીલ તેમને પ્રણામ કરી માલ્યાજીની પહેરામણી કરી. આચાર્યજી બોલ્યા – હે પ્રતાપભાઈ! આપને મળવાની મને ઘણી બેબાકાળી હતી, હું ખૂબ વ્યાકુળ છું, તમારી શોધ માટે જ આ વિસ્તારમાં આવ્યો છું. આપના પુત્રને જોઈ મને ચોક્કસ થઈ ગયું કે આ પ્રતાપભાઈનો પુત્ર છે, તેને જેવું આમંત્રણ પાઠવ્યું, હું તુરંત જ તૈયાર. આચાર્યજીએ પ્રતાપભાઈ ને વંદન કરી " **જય શ્રી કૃષ્ણ** " કહ્યા.
પ્રતાપભાઈનું આખું કુટુંબ પુષ્ટિમય જીવન જીવતા, સદા શ્રીવલ્લભાચાર્યજી ચરિત્રથી સત્સંગ, નિરપેક્ષ વચનથી સેવા કરી જે કોઈ મળે, પધારે, આવે તેમનું આદર પૂર્વક સત્કાર કરી પુષ્ટિમય એકાત્મતા જીવનમાં ઓતપ્રોત રહે.



Vibrant Pushti

આચાર્યજીની પધરામણીથી તેઓ ગદ ગદ થઈ ગયા. આચાર્યજીએ સર્વે સાથે સત્સંગ આનંદ કરી પ્રતાપભાઈને વિનંતી કરી – **પ્રતાપભાઈ! અત્યારે જ આપે મારી સાથે આવી એક કૃપાપાત્રને પુષ્ટિ દાન આપવાનું છે. જે કેવળ આપથી જ સિદ્ધ થાય છે.** પ્રતાપભાઈ બે હાથ જોડી બોલ્યા – કૃપાનાથ! આપ જ સર્વજ્ઞ છો, આપની આજ્ઞા શિરોધાર્ય. પ્રતાપભાઈએ આચાર્યજીને વિનંતી કરી – હે કૃપાનાથ! આપ જ્યાં લઈ જાવ ત્યાં હું અવશ્ય આવીશ પણ પ્રથમ **શ્રીગોવર્ધનધરની ચરણ રજ શિરોધાર્ય કરું** પછી પહોંચીએ.

આચાર્યજી હંસી પડયા, તરત બોલ્યા – પ્રતાપભાઈ! **આપની શ્રીગોવર્ધન નિષ્ઠા હું જાણું જ છું.** કુટુંબનાં સર્વે સભ્યોને **" જય શ્રી કૃષ્ણ "** કહી આચાર્યજી પોતાનાં રહેણાક સ્થળી પહોંચ્યા, સર્વે શિષ્યો રાહ જોતાં જ હતા કારણકે શયન આરતીનાં દર્શનનો સમય હતો. આચાર્યજીએ પ્રતાપભાઈને ગર્ભગૃહમાં લઈ જઈને વિનંતી કરી – પ્રતાપભાઈ! આપ આરતી કરો.

પ્રતાપભાઈએ આજ્ઞાનું પાલન કરી શયન આરતી દર્શન કરી – શ્રીગોવર્ધનધરને વિનંતી કરી – આપ જ સર્વસ્વ છો, સર્વજ્ઞ છો, સંપૂર્ણ છો, આપ જે આજ્ઞા કરશો તે હું નિભાવીશ. દંડવત પ્રણામ કરી શ્રીગોવર્ધનધરની આજ્ઞા લઈ પ્રતાપભાઈ આચાર્યજી સાથે નીકળી પડયા.

આચાર્યજી પ્રતાપભાઈને કલ્યાણભાઈનાં ગૃહ આંગણે લઈ ગયા. ત્યાં પહોંચતા જોયું ખૂબ મોટું ટોળું ભેગું થયું હતું, સર્વેનાં ચહેરા ઉપર શોક અને ઉદાસીની લાગણી હતી. આચાર્યજી માટે સર્વેએ માર્ગ મોકળો કરી આપ્યો, કલ્યાણભાઈનું આખું કુટુંબ રડકોકળ કરતું હતું, કલ્યાણભાઈને જમીન પર સુવાડિયા હતા, આચાર્યજીને પહોંચતા જ " **જય શ્રી કૃષ્ણ** " નો ઘોષ થયો.

આચાર્યજીએ સર્વેને બે હાથ જોડી વિનંતી કરી – હે નગરજનો! શાંતિ રાખજો, અમને પુષ્ટિ સૈદ્ધાંતિક " **જય શ્રી કૃષ્ણ** " નાં સ્મરણ સાથેની ક્રિયામાં સાથ આપજો – પ્રભુ સહુનું સારું જ કરશે. આચાર્યજીએ પ્રતાપભાઈને સાથે બેસાડીને કહ્યું – આપ કલ્યાણભાઈને " **જય શ્રી કૃષ્ણ** " કહી ક્ષમા આપો અને **શ્રીયમુનાષ્ટકની સ્તુતિ કરો**. પ્રતાપભાઇએ " **જય શ્રી કૃષ્ણ** " બોલી કલ્યાણભાઈનાં કપાળે હાથ મૂકી ક્ષમા આપી – કદી કોઈપણ વૈષ્ણવ કે વૈષ્ણવતાનો દુરુપયોગ ના કરે તેની જળ અંજલીથી પ્રતિજ્ઞા લેવડાવી. શ્રીયમુનાષ્ટક સ્તુતિનો આરંભ કરી, આવેલ સર્વે નગરજનો પણ આ સ્તુતિમાં જોડાઈ ધૈર્ય અને વિશ્વાસથી પ્રભુ સ્મરણ કર્યું, સહું સાથે ગૂંજ કરી –

" **શ્રી શ્યામસુંદર શ્રી યમુને મહારાણી ની જય** ".

ગૂંજની પૂર્ણતાએ કોઈ ઊંડી ઊંઘમાંથી પોઢેલા કલ્યાણભાઈને જાગૃત કર્યા અને ઊભા કર્યા, આચાર્યજીને જોઈ આશ્ચર્ય પામ્યા – પ્રણામ કરી " **જય શ્રી કૃષ્ણ** " કહ્યા, ચારે તરફ નજર કરી તો આખું શહેર આંગણામાં ઊભું હતું, કુટુંબીજનોનાં ચહેરા પર વિસ્મયતા જોઈ વિચારવા લાગ્યા, નજર ફેરવતાં એમની દ્રષ્ટિ પ્રતાપભાઈ પર પડી – તુરંત ડગ ભરી આચાર્યજીને દંડવત કરવા જાય છે ત્યાં જ આચાર્યજીએ તેમનો હાથ પકડી પ્રતાપભાઈ પાસે લઈ જઈને પ્રતાપભાઈને દંડવત પ્રણામ કરવા કહ્યું. કલ્યાણભાઈએ પ્રતાપભાઈને દંડવત કરી ભેંટી પડયા - પ્રતાપભાઈ! મને માફ કરો – મને માફ કરો! પ્રતાપભાઇએ સાંત્વના આપી. આચાર્યજીને દંડવત કરાવીને બોલ્યા – આ સહું કૃપાનાથ આચાર્યજીની કૃપા છે. આખો મહેરામણ " **જય શ્રી કૃષ્ણ** " નો વારંવાર ઘોષ કરી આચાર્યજી અને પ્રતાપભાઈનો જય જય કાર કર્યો. કલ્યાણભાઈનાં કુટુંબે આચાર્યજી અને પ્રતાપભાઈનો આભાર વ્યક્ત કર્યો. સર્વે નગરજનો આનંદિત થઈ " **નંદ ઘેર આનંદ ભયો – જય કનૈયાલાલકી** " ની ગૂંજ કરી ગાવા લાગ્યા – આનંદ ઉત્સાહથી નાચવા, કુદવા લાગ્યા. આજની આ સમય સૂચકતા સર્વેનાં હ્રદયમાં અતિ દ્રવિતતાથી અંકિત થઈ ગઈ. આચાર્યજી અને પ્રતાપભાઈની પ્રતિભા, પુષ્ટતા, વૈષ્ણવતા અને યોગ્યતા નગરજનો પારખી ગયા. સર્વે નગરજનો બંને મહાનુભાવોને પ્રણામ કરતાં કરતાં " **જય શ્રી કૃષ્ણ** " કહેતા કહેતા વિખરાવા લાગ્યા. આચાર્યજીએ કલ્યાણભાઈનાં કુટુંબીજનોને આશીર્વાદ આપી પ્રતાપભાઈનો હ્રદયસ્થ આભાર માની તેમને સ્વ ગૃહે પહોંચવા વિદાય આપી.

નગરજનો અને સ્વસ્થ કલ્યાણભાઈ પુષ્ટિમય આનંદિત જીવન જીવતા, નગરજનો એકબીજાને મળે ત્યારે સર્વે એકબીજાને મલકતા મુખે " **જય શ્રી કૃષ્ણ** " નું સંબોધન અને સમ્માન આપતા, પ્રણામ કરી પોતપોતાના કાર્યો, વ્યવહાર અને સંસારમાં ડૂબી જાય.

સમય સમયનું વહેવું, આચાર્યજીનો તેમની મંડળી સાથે આગળ પ્રયાણ કરવાનો સમય આવી ગયો. આચાર્યજીએ કલ્યાણભાઈને બોલાવી પોતાની વિદાય દિવસની વિગતો જણાવી, ત્યારે કલ્યાણભાઈ આચાર્યજીને " **જય શ્રી કૃષ્ણ** " કહી તેમનાં ચરણોમાં નમી નમી અતિ તીવ્રતાથી ધ્રુસકે ધ્રુસકે રડી પડયા, વારંવાર માફી માંગવા માંડયા – હે આચાર્યજી! મારી ભૂલને હજી આપે માફ નથી કરી? આપના સાનિધ્યથી જ હું પામ્યો અને કદી પણ એવો વિચાર કે વર્તન નથી કરતો જેમાં કોઈપણ ધર્મનું અપમાન કે અવગણના થાય. આપે મને જીવન દાન આપ્યું છે, તો આપના આ બાળકની વિનંતી સ્વીકારો, આપ અહીં થી કદી ના સીધાવો! આ શહેરને આપનું નિવાસ સ્થાન બનાવી દો. આ ચર્ચા વાયુ વેગે પ્રસરી, સર્વે નગરજનો હવેલીનાં પટ્ટાગણમાં ઉપસ્થિત થઈ ગયા, એક જ અવાજે " **જય શ્રી કૃષ્ણ** " જયઘોષ ની ગૂંજ કરી, આજીજી કરવા લાગ્યા **હે આચાર્યજી! આપ ના જાવો – આપ ના જાવો!**

આચાર્યજીએ સહુને " **જય શ્રી કૃષ્ણ** " કહી – બે હાથ જોડી નમન કર્યા – હે નગરજનો! અમે આપના અત્યંત આભારી છીએ, કલ્યાણભાઈનાં વ્યક્તિત્વની મુખ્યતાથી અમે વધુ અભ્યોદય થયા છીએ. નગરને શ્રેષ્ઠ અને યોગ્ય ઉચ્ચ કોટીનાં સલાહકાર સાંપડ્યાં છે. અમે આનંદની લાગણી અનુભવીએ છીએ. આપ નગરજનોની સેવા કરવાની ભાગ્યતા સાંપડી. જે નિરપેક્ષ પુષ્ટિ જ્ઞાન ભાવથી વૈષ્ણવ સેવા અર્પણ કરી અને શિક્ષિત કરી.

નગરજનો! આપ સહુ જીવનને મધુર અને પુષ્ટિમય બનાવશો. અમે પુષ્ટિયાત્રીઓ છીએ, અમારે શ્રીસૂર્યનારાયણની જેમ આગળ ધપતા જ ભલા છે. જીવ અને જીવનને પુષ્ટિમધુર કરવું જ અમારું કર્તવ્ય છે, સેવા છે, તર્પણ છે અને સમર્પણ છે. **અમે શ્રીવલ્લભાચાર્યજીનાં પુષ્ટિમાર્ગને વરેલાં છીએ**, અમારે તો ચાલવું જ પડે, ધપવું જ પડે. **આપના માં જગાવેલ પુષ્ટિ પ્રમેય પ્રમાણ જ્યોતને સદા પ્રકટેલી રાખશો, વડીલો, યુવાનો અને બાળકોને પુષ્ટિ જ્ઞાન ભાવ અને વિજ્ઞાન શિક્ષિત થાય તે પ્રમાણે અમે આપને વિનંતી કરીએ છીએ – આ નગર પુષ્ટિ સૂર્ય નાં તેજથી પ્રકાશમય સિંચાય અને પુષ્ટિ વિદ્યાપીઠથી પુષ્ટિ સંસ્કાર, પુષ્ટિ શિક્ષા, પુષ્ટિ સાહિત્ય, પુષ્ટિ ચરિત્રોથી પુષ્ટિ કેન્દ્રનું સ્થાપત્ય થાય. સમાજમાં એવા અનેક વ્યક્તિઓ છે જેમને પોતાની પુષ્ટિ પ્રતિભા વિકસાવી સમાજને પુષ્ટિ બળ પ્રદાન કરવું છે. આ સ્થળ એવું માધ્યમ બને જ્યાં સર્વે પુષ્ટિ પ્રવૃતિઓ ઘડાય.**

VibrantPushti

“ શ્રીગોવર્ધનનાથજીની આ સ્થલીને પુષ્ટિમાર્ગ સિદ્ધાંતથી પુષ્ટિ આધુનિક આધ્યાત્મિક સંકૂલ પ્રમાણે નિર્માણ કરો! જીવનમાં આવતી અજુગતી, અનિર્ણિત, અનિર્માણીય, અજ્ઞાનીક, સંસાર નિર્મિત, માનવ અણસમજ આધારિત, દ્વેષ આધારિત, કે કોઈ અઘટિત ક્રિયાથી ઉદભવેલ પરિસ્થિતિને યોગ્ય ઉકેલ હેતુ, આ પુષ્ટિ આધુનિક આધ્યાત્મિક સંકૂલ અતિ આવશ્યક છે. જ્યાં નિરપેક્ષ, નિ:સ્વાર્થ, નિ:સંશય, નિર્મોહી સેવા અને જાગૃતતા, પુષ્ટિ સંસ્કૃતિનો વિકાસ થાય. આજનાં સમયે આ માધ્યમની અતિ આવશ્યકતા છે. આ સ્થલીને પ્રાથમિકતાથી જ અહંકારરહિત, આડંબરરહિત સંસ્કૃત કરજો અને રાખજો. જે વ્યક્તિ સ્થલીની રજ સ્પર્શે તે પુષ્ટિમય આંતરિક, બાહ્ય અને આધ્યાત્મિક સ્પંદનો અનુભવે, દોષ મુક્ત થાય, પુષ્ટિ જીવન તેજોમય બને. પુષ્ટિમાર્ગીય સ્થલીનું મુખ્ય માહાત્મય આ જ છે - પવિત્રીકરણ, મધુરમ યોગ્યતા, સર્વોત્તમ સ્તોત્રતા, સંસ્કરણીય સંસ્કૃતતા, વિદ્યતા, પુષ્ટિ પૂર્ણતા અને પ્રેમ આધ્યાત્મિકતા છે. પધારેલ વ્યક્તિ વૈષ્ણવતાથી જાગૃત અને વિધુત થવો જ જોઈએ.”

નગરજનોએ ઉત્સાહ અને ઉમંગથી આ સૂચનોને

“ **જય શ્રી કૃષ્ણ** “ “ **જય શ્રી કૃષ્ણ** “ “ જય શ્રી કૃષ્ણ “ “ જય શ્રી કૃષ્ણ “ નાં બુલંદ સૂરથી વધાવી લીધા અને વચન આપ્યું અમે અવશ્ય આ રીતે જ આ સ્થલીનું યોગ્ય નિર્માણ કરીશું. આપ અમારા “ **માર્ગદર્શક બનો** “ સહુ નગરજનોની પ્રાર્થના અને વિનંતી છે, આપ અવશ્ય સ્વીકાર્ય કરશો.

આચાર્યજીએ તરત જ તેઓની વિનંતીનો સ્વીકાર કર્યો, સહુને “ **જય શ્રી કૃષ્ણ** “ કહી વંદન કરી, આશીર્વાદ પાઠવી વિદાયની તૈયારી કરવા સંમતિ માગી. નગરજનોએ “ **જય શ્રી કૃષ્ણ** “ ની ગૂંજ સાથે આનંદથી સંમતિ આપી.

Vibrant Pushti

આચાર્યજીએ સર્વે શિષ્યોને આગળ પ્રયાણ કરવા ની આજ્ઞા કરી. આચાર્યજી અને શિષ્યોએ ભૂમિ પૂજન, સામગ્રી ધરાવી હવેલીની દર્શન આરતી - પ્રસાદ વ્યવસ્થા સંપન્ન કરી, સર્વે પ્રયાણ કરવા સ્થલીની બાહર નીકળ્યા ત્યાંજ નગરજનો ભજન મંડળી અને બેન્ડ વાજા વાજતે ગાજતે આચાર્યજી અને શિષ્યોની શોભાયાત્રા માટે ઉપસ્થિત થયા. આચાર્યજીએ સર્વેને વિનમ્રતાથી સલાહકાર કલ્યાણભાઈ અને નગરજનોને વિનંતી કરી – હે પુષ્ટિમાર્ગીય જાગૃત વૈષ્ણવો! આ શોભાયાત્રા અમારી ના હોય, શોભાયાત્રા તો શ્રીગોવર્ધનનાથજીની હોય, અમે તો એમનાં સેવક છીએ અને શ્રીવલ્લભાચાર્યજીનાં અનુયાયી છીએ, દાસત્વ કેળવીને જીવનને પુષ્ટિ પ્રણવમય બનાવવું અમારું કર્તવ્ય અને પ્રતિજ્ઞા છે. અમારી નથી કોઈ અપેક્ષા, નહીં જોઈએ માન સમ્માન, નહીં ઈચ્છીએ વૈભવ, શોભા, નામ, ધન અને ઐશ્વર્ય. શ્રીવલ્લભ સિદ્ધાંતની સેવાકીય પ્રબળતા જ અમને સુષ્કર છે. જે જન પુષ્ટિ પાન કરાવે તે વૈષ્ણવજન જ અમારું પુષ્ટિ ધન. આપનો આનંદ ઉત્સાહ અને ઉમંગ અનુભવ્યો, આપ સહુ સાચે જ પુષ્ટિમાર્ગનાં યોગ્ય પ્રતિનિધિઓ છો. અમને વિશ્વાસ છે –

આપ સહુ વૈષ્ણવ ધજા પતાકા લહેરાવો
સદા શ્રી પુષ્ટિ સ્મરણમાં રહો
શ્રીવલ્લભ નીત નિયમ ગુણ સંપાદનમાં રચો
રજ રજ કણ કણ પુષ્ટિ તત્વ જગાવો

ભજન મંડળી સાથે આચાર્યજી, શિષ્યો અને નગરજનો ભજન - કીર્તન અનુસાર ધૂન ગાવા લાગ્યા.

" પુષ્ટિ વલ્લભ પુષ્ટિ યમુના પુષ્ટિ ગિરિરાજજી
પુષ્ટિ હરિરાય પુષ્ટિ ગૃહસેવા પુષ્ટિ અષ્ટસખાજી "

આ ધૂનની ગૂંજે આચાર્યજી અને શિષ્યોને નગરજનો નો પુષ્ટિમય આંતર આનંદ સાથે સાથે ભર અશ્રુ નયને વિદાય આપી.

" જય શ્રી કૃષ્ણ "

सेवा सत्संग स्पर्श धारा

प्रकाशक: Vibrant Pushti - Vadodara

Vibrant Pushti

૫૩, સુભાષપાર્ક, સંગમ ચાર રસ્તા, હરણી રોડ, વડોદરા – ૩૯૦૦૦૬

Email: vibrantpushti@gmail.com - Mobile - 9327297507

Vibrant Pushti